# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-10-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર નિકીતા શાહ વાંચે છે.**

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ૧૭મા રોજગાર મેળા અંતર્ગત ૫૧,000 થી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કરશે

2) ચૂંટણી પંચે, મુખ્ય ચૂંટણી અધિકારીઓને મતદાર યાદીઓના વિશેષ સઘન સુધારા- SIR માટે તૈયારી કરવા નિર્દેશ આપ્યો.

3) દેશભરમાં ૧૦ કરોડ સ્માર્ટ વીજળી મીટર લગાવવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય.

4) બેંક થાપણદારો હવે તેમના ખાતામાં ચાર વારસદાર ઉમેરી શકશે.

5) આંધ્રપ્રદેશના કુર્નૂલમાં એક ખાનગી બસમાં આગ લાગતાં લગભગ 25 લોકોના મોતની આશંકા

6) ICC મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વકપમાં, ન્યૂઝીલેન્ડને હરાવીને ભારતનો સેમિફાઇનલમાં પ્રવેશ

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# MORN.PM-ROZGAR-MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રોજગાર મેળા પહેલ અંતર્ગત વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં નવા ભરતી થયેલા યુવાનોને 51,000 થી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કરશે.

આ કાર્યક્રમ દરમિયાન , પ્રધાનમંત્રી નવા ભરતી થયેલા યુવાનોને પણ સંબોધિત કરશે. કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ અને માર્ગ પરિવહન અને રાજમાર્ગ રાજ્યમંત્રી અજય તમટા પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે રોજગાર મેળા કાર્યક્રમ પ્રધાનમંત્રીની આજીવિકા સર્જનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવા તરફ એક પગલું છે. તે યુવાનોને સશક્તિકરણ કરવામાં અને રાષ્ટ્ર નિર્માણમાં તેમની ભાગીદારી માટે અર્થપૂર્ણ તકો પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# PRESIDENT KOTTAYAM

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે કોટ્ટયમથી કોચી જવા રવાના થશે અને એર્નાકુલમ સ્થિત સેન્ટ ટેરેસા કોલેજના જયંતિ સમારોહમાં હાજરી આપશે.

ગઈકાલે કોટ્ટયમથી કુમારાકોમની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિનું મોટી સંખ્યામાં લોકો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. સેન્ટ થોમસ કોલેજ , પાલાના પ્લેટિનમ જ્યુબિલી સમારોહનું ઉદ્ઘાટન કરતા , રાષ્ટ્રપતિએ શિક્ષણ ક્ષેત્રે કોટ્ટયમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ પ્રશંસા કરી.

. . . . . . . . . . . . . . . .

# EC CONFERENCE

ચૂંટણી પંચે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને મતદાર યાદીઓના વિશેષ સઘન સુધારા માટે તૈયારી કરવા નિર્દેશ આપ્યો છે.

ગઈકાલે નવી દિલ્હીમાં મુખ્ય ચૂંટણી અધિકારીઓની બે દિવસીય પરિષદનું સમાપન થયું. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની અધ્યક્ષતામાં યોજાયેલી આ પરિષદમાં ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશી પણ હજાર રહ્યા હતા. વિશેષ સઘન સુધારા પ્રક્રિયાની વિગતો પર વરિષ્ઠ અધિકારીઓ દ્વારા પ્રસ્તુતિ બાદ, મુખ્ય ચૂંટણી અધિકારીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના સ્પષ્ટીકરણો આપવામાં આવ્યા. દેશભરના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓએ આ પરિષદમાં ભાગ લીધો હતો.

ચૂંટણી પંચે આસામ , તમિલનાડુ, કેરળ અને પશ્ચિમ બંગાળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીના મુખ્ય ચૂંટણી અધિકારીઓ સાથે અલગથી ચર્ચા કરી હતી. ચૂંટણી પંચે છેલ્લા વિશેષ સઘન સુધારા અંગે અગાઉ જારી કરાયેલી સૂચનાઓનું પાલન કરવામાં થયેલી પ્રગતિની પણ સમીક્ષા કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . .

# BIHAR 2ND PHASE CANDIDATES

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કામાં , 20 જિલ્લાઓમાં 122 બેઠકો માટે કુલ એક હજાર 302 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. ગઈકાલે ઉમેદવારી પત્રો પરત ખેંચવાની છેલ્લી તારીખ હતી , ત્યારે 70 ઉમેદવારોએ તેમના ઉમેદવારી પત્રો પાછા ખેંચ્યા હતા. કુલ એક હજાર 761 ઉમેદવારી પત્રો ભરાયા હતા, જેમાંથી ચકાસણી બાદ એક હજાર 372 માન્ય જાહેર થયા હતા. 389 ઉમેદવારી પત્રો રદ કરાયા હતા, બીજા અને અંતિમ તબક્કા માટે 11 નવેમ્બરે મતદાન યોજાશે.

દરમિયાન બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનો પ્રચાર વેગવાન બન્યો છે. એનડીએના સ્ટાર પ્રચારકો રાજ્યભરમાં તેમના ઉમેદવારોના સમર્થનમાં રેલીઓ કરી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સમસ્તીપુર અને બેગુસરાયમાં ચૂંટણી રેલીઓ સંબોધશે. આરજેડી વડા તેજસ્વી પ્રસાદ યાદવ પણ આજથી પ્રચાર અભિયાન શરૂ કરશે. અને દરભંગા, મુઝફ્ફરપુર, સમસ્તીપુર સહિત અનેક સ્થળોએ રેલીઓ સંબોધશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# SMART METERS- INDIA

કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલે જણાવ્યું છે કે દેશભરમાં ૧૦ કરોડ સ્માર્ટ વીજળી મીટર લગાવવાનું લક્ષ્ય છે , જેમાંથી ૧ કરોડ મીટર લગાવી દેવામાં આવ્યા છે.

હરિયાણાના રોહતકમાં મીડિયા સાથે વાત કરતાં તેમણે કહ્યું કે સ્માર્ટ મીટર લગાવવાથી ગ્રાહકો તેમના વીજળીના વપરાશને નિયંત્રિત કરી શકશે અને વીજળી બચાવી શકશે.

મેટ્રો વિસ્તરણ વિશે , શ્રી મનોહર લાલે કહ્યું કે દેશમાં અત્યાર સુધીમાં ૧ ,૧૦૦ કિલોમીટર મેટ્રો રેલ લાઇન નાખવામાં આવી છે. મેટ્રો રેલની દ્રષ્ટિએ ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે અને ટૂંક સમયમાં બીજા સ્થાને પહોંચશે. તેમણે કહ્યું કે હાલમાં ૨૪ શહેરોમાં મેટ્રો સેવાઓ ઉપલબ્ધ છે અને ભવિષ્યમાં આ સુવિધા ૨૯ શહેરોમાં ઉપલબ્ધ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# BANKING LAWS ACT

બેંકિંગ કાયદા (સુધારા) અધિનિયમ , 2025 હેઠળ વારસદાર સંબંધિત જોગવાઈઓ, આવતા મહિનાની 1લી તારીખથી અમલમાં આવશે.

નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ જોગવાઈઓ થાપણદારોને તેમની પસંદગી મુજબ નોમિનેશન કરવાની મંજૂરી આપશે. આનાથી ગ્રાહકો ચાર વ્યક્તિઓને નોમિનેટ કરી શકશે અને થાપણદારો અને તેમના વારસદાર માટે દાવાની પતાવટ પ્રક્રિયા સરળ બનશે.

આ કાયદાનો ઉદ્દેશ્ય બેંકિંગ ક્ષેત્રમાં ધોરણો સુધારવા , ભારતીય રિઝર્વ બેંકને બેંકોના રિપોર્ટિંગમાં એકરૂપતા સુનિશ્ચિત કરવા , થાપણદારોના રક્ષણમાં વધારો કરવા અને જાહેર ક્ષેત્રની બેંકોમાં ઓડિટ ગુણવત્તામાં સુધારો કરવાનો છે.

. . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MORN.GST-AGRICULTURE

વસ્તુ અને સેવા કર બચત ઉત્સવનો લાભ સમાજના તમામ વર્ગો સુધી પહોંચી રહ્યો છે. આ શ્રેણીમાં આજે જીએસટી સુધારાઓથી કૃષિ ક્ષેત્ર અને ખેડૂતોને થઈ રહેલા લાભ અંગે પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો એક અહેવાલ

(બાઈટ – SAKLEN ON GST)

. . . . . . . . . . . . . . . .

# CR-SPL TRAINS

ભારતીય રેલ્વે દિવાળી અનેછઠ પૂજાના તહેવારો નિમિત્તે મુસાફરી કરતા મુસાફરોની સુવિધા માટે કુલ 12,000 થી વધુખાસ ટ્રેનો ચલાવી રહી છે.મધ્ય રેલ્વેના જનરલમેનેજર વિજય કુમારે માહિતી આપી છે કે આમાંથી , મધ્ય રેલ્વે એક હજાર 998 દિવાળી સ્પેશિયલ ટ્રેનો ચલાવી રહી છે , જે 30 લાખથી વધુમુસાફરોને બિહાર , ઉત્તર પ્રદેશ,પશ્ચિમ બંગાળ અને મધ્યપ્રદેશ જેવા સ્થળોએ જવામાટે અનુકૂળ મુસાફરી વિકલ્પો પ્રદાન કરશે.ભારતીય રેલ્વેના 16ઝોનમાં 76 મુખ્ય સ્ટેશનો પર અસરકારક ભીડ વ્યવસ્થાપન માટે ખાસ હોલ્ડિંગ એરિયા પણવિકસાવવામાં આવ્યા છે. પ્રસ્તુત છે એક અહેવાલ.

(વોઈસ કાસ્ટ - ADITYA )

આ સાથે છઠ પૂજા ઉત્સવમાટે બેંગલુરુ અને ચેન્નાઈથી ખાસ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. ઉપરાંત , ચેન્નાઈમાં બિહાર ચૌપાલ સંગઠને સ્થાનિક સ્તરે છઠ ઉજવણીનુંઆયોજન કર્યું છે, જેમાં મરીના બીચ પર ખાસપૂજા કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# ANDHRA-BUS ACCIDENT

આંધ્રપ્રદેશના કુર્નૂલમાં એક ખાનગી બસમાં આગ લાગતાં લગભગ 25 લોકોના મોતની આશંકા છે.

હૈદરાબાદથી બેંગ્લોર જઈ રહેલી બસમાં આજે વહેલી સવારે કુર્નૂલ જિલ્લાના ઉલિંદાકુંડ નજીક આગ લાગી હતી. તેમાં લગભગ 42 મુસાફરો સવાર હતા, જેમાંથી 25 લોકોના મોતની આશંકા છે. પ્રાથમિક માહિતી મુજબ, આ અકસ્માત ત્યારે થયો જ્યારે એક ટુ-વ્હીલર પાછળથી બસ સાથે અથડાયું અને બસ નીચે આવી ગયું. બાઇકની પેટ્રોલ ટાંકીમાંથી આગ બસમાં ફેલાઈ હતી. અકસ્માત સમયે મોટાભાગના મુસાફરો ગાઢ નિંદ્રામાં હતા. આ ઘટનામાં બસ સંપૂર્ણપણે બળી ગઈ હતી. ઘાયલ મુસાફરોને કુર્નૂલની સર્વજન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . . . . .

# WOMENS WORLD CUP CRICKET

ICC મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વ કપમાં, ન્યૂઝીલેન્ડને 53 રનથી હરાવીને ભારતે સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો . પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમના ઓપનર પ્રતિકા રાવલ અને સ્મૃતિ મંધાનાએ શાનદાર સદી નોંધાવી ભારતનો સ્કોર 49 ઓવરમાં 3 વિકેટે 340 રને પહોંચાડ્યો. મંધાનાના 109 અને રાવલના 122 રન સાથે બંને વચ્ચે 212 રનની રેકોર્ડ-બ્રેકિંગ ઓપનિંગ ભાગીદારી થઈ , જે મહિલા વિશ્વ કપ ઇતિહાસમાં ભારત માટે સૌથી વધુ છે.

વરસાદથી પ્રભાવિત મેચમાં DLS અનુસાર 325 રનના લક્ષ્યનો પીછો કરતા , ન્યૂઝીલેન્ડે 44 ઓવરમાં 8 વિકેટે 271 રન બનાવ્યા. આ જીત સાથે, ભારત હવે ત્રણ જીતમાંથી છ પોઈન્ટ મેળવી ચૂક્યું છે અને સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયા , ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા સાથે જોડાઈ ગયું છે.

.................................